તમારે સ્ટેમ્પ લગાવવાની જરૂર નથી, પરંતુ લગાવશો તો તેનાથી અમારું ભંડોળ બચાવવામાં મદદ મળે છે

FREEPOST RRZK-SHUX-SBCK
NHS Blood and Transplant Fox
Den Road
Stoke Gifford
Bristol
BS34 8RR

# શું તમને ખબર હતી...

## ધર્મ

યુકેમાં તમામ મોટા ધર્મો અંગદાન તેમજ ટ્રાન્સપ્લાન્ટ (એક વ્યક્તિનું અંગ બીજાના શરીરમાં બેસાડવું - અંગ પ્રત્યારોપણ) ના સિદ્ધાંતોને ટેકો આપે છે. પરંતુ, દરેક ધર્મની અંદર તે અંગેની જુદી જુદી વિચારધારાઓ છે, જેના લીધે તેમનાં મંતવ્યો જુદાં જુદાં હોઈ શકે છે. તમામ મોટા ધર્મો સ્વીકારે છે કે અંગદાન તે વ્યક્તિની પોતાની પસંદ છે, પરંતુ જો તમને વધારે માહિતી જોઈતી હોય તો તમારા ધાર્મિક સલાહકાર સાથે વાત કરો અથવા અમારી ધર્મ અંગેની પત્રિકા મંગાવો.

## તબીબી સંભાળ

આરોગ્ય વ્યવસાયિકો જીવનો બચાવવા માટે તાલીમબદ્ધ તેમજ કટીબદ્ધ છેઃ તે હંમેશાં તેમની પ્રથમ અગ્રતા છે. અંગદાન વિશે તો જ વિચાર કરવામાં આવે છે, જો તેમના તમામ પ્રયાસો છતાં દર્દીનું મૃત્યુ થયું હોય. વ્યક્તિનું મૃત્યુ થયું હોય અને તેમનાં નજીકનાં સગાં એ વાતની પુષ્ટી કરે કે તેઓ અંગદાતા બનવા માગતાં હતાં, તો જ તેમના શરીરમાંથી અંગો કાઢવામાં આવે છે. મૃત્યુની પુષ્ટી બે ડોક્ટરો દ્વારા કરવામાં આવે છે જેઓ ટ્રાન્સપ્લાન્ટ કરનાર ટીમથી તદ્દન અલગ હોય છે. અંગદાન કરનાર વ્યક્તિના મૃત્યુની પ્રમાણિતતા પણ એવી જ રીતે આપવામાં આવે છે જે દાન નહિ કરનાર મૃત વ્યક્તિ માટે આપવામાં આવે. અંગદાતાઓ સાથે અત્યંત સન્માનપૂર્વક વ્યવહાર કરવામાં આવે છે અને બીજું કોઈ ઓપરેશન કરતાં હોય તેટલી જ સંભાળપૂર્વક મૃતકનાં અંગો કાઢવામાં આવે છે.

## ઉંમર...

... હંમેશાં બાધક હોતી નથી. વધુને વધુ લોકો તેમના 80ના દસકાની વયે દાતા બની રહ્યાં છે!

## બીમારી

બીમારી અથવા લાંબા સમયની કોઈ માંદગી હોવાથી તમને અંગદાતા બનતાં રોકી શકાતાં નથી.

## રક્ત દાન

જો તમે રક્ત દાન ન કરતાં હો કે ન કરી શકતાં હો, તો પણ તમે સંભવિત અંગદાતા બની શકો છો.

## એક વર્ષ

સુયોગ્ય અંગદાતાઓની તીવ્ર કમીને કારણે દક્ષિણ એશીયન લોકોએ ગોરા લોકોની સરખામણીમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે એકંદરે એક વર્ષ વધારે વાર જોવી પડશે.

એકંદરે **3**

વ્યક્તિ દરરોજ મૃત્યુ પામે છે, કારણ કે પૂરતાં અંગો ઉપલબ્ધ નથી.

હાલમાં દક્ષિણ એશીયન સમાજનાં

**1,150** કરતાં વધુ લોકો

ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યાં છે.

આપણા સમાજમાંથી માત્ર **18%**

કુટુંબો જ જો તેમનાં સ્વજનના અંગદાતા બનવાના નિર્ણય વિશે જાણતાં નહિ હોય તો તેમના મૃત્યુ બાદ અંગદાન કરવા દેવા માટે હા પાડશે.

અંગ દાન કરવા વિશે વધારે જાણવા માટે, જુઓ
**organdonation.nhs.uk**

રજિસ્ટરમાં જોડાવ, તમારો નિર્ણય બધાંને જણાવો, જીવન બચાવો

Gujarati (OLC259PL2) 10/14

NHS
Blood and Transplant

# તમારા અંગદાન કરવાના નિર્ણયની તમે લોકોને જાણ કરી દીધી છે?




Organ donation information (Gujarati)

## દક્ષિણ એશીયન સમાજ માટે માહિતી

Give life
Sign up

# દાન કરવાનો તમારો નિર્ણય બધાંને જણાવો અને જીવન બચાવો

અંગ દાનની આપણામાંથી કોઈને પણ, આપણાં કુટુંબીજનો, મિત્રોને અને સમાજને કોઈ પણ સમયે અસર થઈ શકે છે, આથી તેનો વિચાર કરવાનું અને તે વિશે વાત કરવાનું અગત્યનું છે.

એકંદરે રોજ ત્રણ વ્યક્તિઓનાં ટ્રાન્સપ્લાન્ટની જરૂરત હોવાને કારણે મૃત્યુ થાય છે કારણ કે પૂરતાં પ્રમાણમાં અંગો ઉપલબ્ધ નથી.

આપણાં સમાજનાં લોકો માટે આ પરિસ્થિતિ વધારે કટોકટી ભરેલી છે કારણ કે હાયપરટેન્શન, ડાયાબીટીસ, હ્રદય રોગ તેમજ કિડનીના રોગ જેવી તમામ બીમારીઓને કારણે શરીરનાં અંગો કામ કરતાં બંધ થઈ શકે છે, જે આપણા સમાજમાં વધુ પ્રમાણમાં થાય છે. જો અંગ દાન કરનાર અને તે મેળવનાર બંને એક જ વંશમૂળનાં હોય તો ટ્રાન્સપ્લાન્ટની સફળતા વધુ રહે છે.

જો તમારું મૃત્યુ એવા સંજોગોમાં થયું હોય કે જે બાદ અંગદાન કરી શકાય તેમ હોય તો, અંગદાતા બનવાના તમારા નિર્ણયને ટેકો આપવા માટે તમારાં નજીકનાં સગાં પૂછવામાં આવી શકે. તમે શું નક્કી કરેલું છે તેની તેમને જાણ કરી રાખવાથી, તમારાં અંગોનું દાન કરવું કે નહિ કરવું તે નિર્ણયનો બોજો તેમના પરથી હળવો થઈ જાય છે.

આથી, જો તમે તમારા મૃત્યુ બાદ અંગદાતા બનીને ખરેખરો તફાવત લાવવા ઈચ્છતાં હો, તો તે માટે બે અગત્યનાં પગલાં લેવાનાં છે:

- એન.એચ.એસ.ના ઓરગન ડોનર રજિસ્ટર પર જોડાવ
- અને દાન કરવાના તમારા નિર્ણય વિશે તમારાં કુટુંબીજનો તેમજ મિત્રો સાથે વાત કરો

# એન.એચ.એસ.ના ઓરગન ડોનર રજિસ્ટર પર જોડાવ

એન.એચ.એસ.નું ઓરગન ડોનર રજિસ્ટર (અંગદાતાઓનું નોંધણીપત્રક) એક ગુપ્ત અને સુરક્ષિત ડેટાબેઝ છે જેમાં પોતાના મૃત્યુ બાદ અંગદાતા બનવા ઈચ્છનાર દરેક વ્યક્તિની ઈચ્છાઓ નોંધવામાં આવે છે. કોઈ વ્યક્તિએ દાતા બનવાનો નિર્ણય કરેલો છે કે નહિ તે જોવા માટે પણ તબીબી કર્મચારીઓ તે ડેટાબેઝ તપાસશે.

## મારે દાતા કેવી રીતે બનવું?

ઓનલાઈન – **organdonation.nhs.uk** પર નામ નોંધાવવામાં માત્ર થોડી જ મિનિટનો સમય લાગે છે.

ફોન દ્વારા – **0300 123 23 23** પર ફોન કરો

પોસ્ટ દ્વારા – સાથે આપેલું ફોર્મ ભરીને પાછું મોકલી આપો.

## પસંદગી તમારી છે

તમે તમારાં બધાં જ અથવા અમુક અંગોનું દાન કરવાનું પસંદ કરી શકો છો – પસંદગી તમારી છે – અને તમે કોઈ પણ સમયે તમારો વિચાર બદલી શકો છો.

અને તમારા નિર્ણયની તમારાં કુટુંબીજનોને જાણ કરવાનું ભૂલશો નહિ. આ એક એવી વાતચીત છે જે જીવનો બચાવવામાં મદદ કરી શકે છે.

અહીંથી ફાડો અને સામેની પટ્ટી ચીની કરો

# દાનથી ફરક પડે છે

## તમારા મૃત્યુ પછી તમારાં અંગોનું દાન કરવાથી, તમે ખૂબ જ બીમાર લોકોનાં જીવન બચાવવા અને સુધારવામાં મદદ કરશો.

દરેક દાતા મૂલ્યવાન છે. યુકેમાં દર વર્ષે 5,000 કરતાં ઓછાં લોકો એવા સંજોગોમાં મૃત્યુ પામે છે જ્યાં તેઓ દાતા બની શકે તેમ હોય છે. અને જો તેમનાં કુટુંબીજનો અંગદાન કરવાની ના પાડે, તો ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહેલી કોઈ વ્યક્તિ તે મેળવી શકતી નથી.

અને યાદ રાખો, એક દિવસ તમારાં કોઈ જાણીતાંને અથવા સ્વજનને – અથવા તમને પોતાને જ – ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડી શકે છે.




## Please register my details on the NHS Organ Donor Register

Please complete in CAPITAL LETTERS using a black ballpoint pen.
*Indicates that a field must be completed.

### My name and address

Surname*
Forename(s)*
Date of birth* / / Male ☐* Female ☐*
Address*

Postcode*
Telephone
Mobile
Email

### My wishes

**I want to donate:** (Please tick the boxes that apply)

A. any of my organs and tissue ☐ **or**

B. my kidneys ☐ heart ☐ liver ☐ small bowel ☐
eyes ☐ lungs ☐ pancreas ☐ tissue ☐

**for transplantation after my death.**

Signature
Date

Please tick here if you would like to receive future information about blood, organ and tissue donation from NHS Blood and Transplant. ☐

### My ethnic origin

There's a better chance of getting a closer match and a successful transplant if the donor and recipient are from the same ethnic group. Please tick the ethnic group which best describes you.

**White:** British ☐ Irish ☐ Other ☐
**Mixed:** White/Black Caribbean ☐ White/Asian ☐
White/Black African ☐ Other ☐
**Asian or Asian British:** Indian ☐ Pakistani ☐
Bangladeshi ☐ Other ☐
**Black or Black British:** Caribbean ☐ African ☐ Other ☐
**Other ethnic categories:** Chinese ☐ Other ☐
**Not stated:** ☐

Data Protection Assurance. Completion of this form is for the purpose of recording your wishes to become an organ donor. All information provided to NHS Blood and Transplant is used in accordance with the Data Protection Act 1998. Your data may be handled on our behalf in a country not normally covered by EU Data Protection law. If so, we will ensure that the data will be protected by the EU requirements. More information on how we look after your personal details can be found at www.nhsbt.nhs.uk or by calling 0300 123 23 23.

If you wish to amend or withdraw your record from the NHS Organ Donor Register you can do so by calling the Organ Donor Line on 0300 123 23 23, visiting organdonation.nhs.uk or writing to us at the address overleaf.

2314